સંદેશ, ગાંધીનગર, પાના નંબર :- ૦૪
તારીખ :- ૦૩/૦૪/૨૦૨૬

### સ્ટેડિયમથી રાત્રે પરત ફરવા મેટ્રોએ સ્પે. પેપર ટિકીટ બહાર પાડી

# IPL મેચને લઈ મોટેરાથી મહાત્મા મંદિર વચ્ચે રાત્રિના બે વધારાની મેટ્રો દોડાવાશે

## આ ટ્રેન માત્ર IPLની મેચો દરમિયાન જ મધ્યરાત્રીએ ચલાવાશે

। ગાંધીનગર ।

મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે IPLની ટી ટ્વેન્ટી ક્રિકેટ મેચ દરમિયાન મુસાફરોને મધ્યરાત્રી સુધી મુસાફરીની સગવડતા મળી રહે તે માટે મેટ્રોરેલ દ્વારા ક્રિકેટ મેચના દિવસો દરમિયાન મોટેરાથી મહાત્મા મંદિર વચ્ચે રાત્રી દરમિયાન વધારાની બે મેટ્રોટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે. મેટ્રોરેલ સેવા આ ટ્રેન ગાંધીનગર ઉપરાંત અમદાવાદ કોરિડોરમાં પણ દોડાવશે. ઉલ્લેખનીય છેકે, અત્યારે IPL ટી ટ્વેન્ટી ક્રિકેટ ટુર્નામેન્ટની સિઝન ચાલી રહી છે. મોટેરા સ્ટેડિયમ ખાતે આ ટુર્નામેન્ટની સાત મેચો રમાવાની છે. જેમાં તા. ૪થી એપ્રિલ, ૧૭, ૨૦, ૨૬, ૩૦ એપ્રિલ તેમજ ૩જી અને ૧૨ મેના દિવસનો સમાવેશ થાય છે. આ દિવસો દરમિયાન તમામ મેચો ડે-નાઈટ રહેશે. આ મેચો દરમિયાન નરેન્દ્ર મોદી સ્ટેડિયમ દર્શકોથી ખીચોખીચ ભરેલુ રહે તેવી શક્યતા છે. મેચ મોડીરાત્રે પુર્ણ થશે. આ દરમિયાન મેચ જોવા આવતા મુસાફરોને પબ્લીક ટ્રાન્સપોર્ટનો લાભ મળી રહે તે માટે મેટ્રોરેલ સેવાએ મેચના દિવસો દરમિયાન અમદાવાદ અને ગાંધીનગર કોરિડોરમાં મધ્યરાત્રી સુધી મેટ્રોરેલ સેવા શરૂ રાખવાનો નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છેકે, અમદાવાદ કોરિડોરમાં સવારે સાડા છ થી રાત્રીના દસ કલાક સુધી અને ગાંધીનગર કોરિડોરમાં સવારે સાડા સાતથી સાંજના ૭.૪૦ મિનીટ સુધી મેટ્રોરેલ સેવાઓ ઉપલબ્ધ છે. પરંતુ મેચના દિવસો દરમિયાન આ મેટ્રોરેલ સેવાઓ મધ્યરાત્રી સુધી દોડશે.

અનુસંધાન પાના નં.૩ ઉપર